# આઠ લોકસભા બેઠકમાં બે બેલેટ યુનિટ ઉપયોગમાં લેવાશે

**રાજ્યમાં સૌથી વધુ ઉમેદવારો સુરેન્દ્રનગરમાં, ગાંધીનગરમાં ૧૭ તો અમદાવાદ પૂર્વમાં ૨૬ ઉમેદવારો મેદાનમાં**

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં ૨૩મી એપ્રિલે યોજાનાર ૧૪મી લોકસભા માટેની સામાન્ય ચૂંટણીમાં ૮ સંસદીય મતવિસ્તારોમાં બે બેલેટ યુનિટ વાપરવામાં આવશે. રાજ્યમાં સૌથી વધુ ઉમેદવારો સુરેન્દ્રનગર બેઠક પર નોંધાયા છે.

ગાંધીનગર સહિત જે ૮ સંસદીય મતવિસ્તારમાં બે બેલેટ યુનિટ વપરાશમાં લેવામાં આવશે તેમાં અમદાવાદ પૂર્વ, સાબરકાંઠા, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, નવસારી, ભરૂચનો સમાવેશ થાય છે. ગાંધીનગર બેઠક પર ૧૭ ઉમેદવારો આજે મેદાનમાં રહ્યા છે. ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯માં પણ બે બેલેટ યુનિટ ઉપયોગમાં લેવામાં આવશે.

જે સંસદીય મતવિસ્તારમાં બે બેલેટ યુનિટ ઉપયોગમાં લેવાના છે તેના ચૂંટણી અધિકારીઓને આગામી એકાદ-બે દિવસમાં જ તેમની જરૂરિયાત મુજબના બી.યુ. ફાળવી દેવામાં આવશે. આ પછી જિલ્લાકક્ષાએ તેનુ એફ.એસ.સી. કાર્ય કરી જે તે વિધાનસભાને રેન્ડમાઈઝેશન કરી ફાળવી દેવામાં આવશે તેમ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ઉમેદવારીપત્રોની ચકાસણી અંતે ૨૬ બેઠકો પર ૪૫૨ ઉમેદવારો મેદાનમાં હતા. આજે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો. આજે છેલ્લા દિવસે ૧૦૦થી વધુ ઉમેદવારીપત્રો પાછા ખેંચાયાના પ્રાથમિક અહેવાલો મળ્યા છે.

મળતા અહેવાલો મુજબ અમદાવાદ પૂર્વમાં ૨૬ ઉમેદવારો, અમદાવાદ(૫)માં ૧૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.



ફલેગ માર્ચ - જીલ્લાના સંવેદનશીલ મતદાન મથકોવાળા વિસ્તારોમાં ફલેગ માર્ચ યોજાય છે... કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તોફાની તત્વોને સંદેશ આપવા માટે યોજાતી ફલેગમાર્ચ શાંતિપૂર્ણ મતદાનનો સંદેશ પ્રસરાવે છે... શહેરના પાદરમાં વાવોલ ખાતે સોમવારે સવારે ફલેગમાર્ચ યોજાઈ હતી...

# હવે, ગાંધીનગર લોકસભા બેઠક માટે ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટેના જંગમાં આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે વધુ ૧૦ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચતા જંગમાં હવે ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

શનિવારે આ બેઠક પરથી સાત ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પાછા ખેંચ્યા હતા. આજે સવારથી જ અપક્ષ ઉમેદવારો એક પછી એક આવીને ઉમેદવારીપત્રો પાછા ખેંચતા હતા. બપોરે બે વાગે ૮ જેટલા ઉમેદવારોએ ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધા હતા.

આ પછી છેલ્લી દસ મિનિટ બાકી હતી ત્યારે વધુ બે ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી હતી. પાટીદાર આંદોલનના અગ્રણી દિલીપ સાબવાનો પણ આજે ઉમેદવારી પત્રો પાછા ખેંચનારા ઉમેદવારોમાં સમાવેશ થાય છે. સાબવાએ ઉમેદવારીપત્ર પાછુ ખેંચ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરી જણાવ્યુ હતુ કે મેં કોઈ પક્ષનો ખેસ

● અનુસંધાન પાન-૭ પર

# પસંદગીના નંબરોની હરાજીમાં આરટીઓને ૧૪.૮૦ લાખની આવક

**ફોર વ્હીલરમાં નવી સીરીઝ બી એલ ના ૯૯૯ નંબર માટે રૂ ૩.૮૦ લાખ ચુકવાયા : પસંદગીના નંબરો માટે ૨૩૭ અરજીઓ આવી : ૧૦ અરજીઓ ગેરલાયક ઠરી**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર આર ટી ઓ કચેરીને ફોર વ્હીલર તેમજ ટુ વ્હીલરની નવી સીરીઝને અનુલક્ષી હાથ ધરાયેલી પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયાના અંતે રૂ ૧૪.૮૦ લાખની આવક થઈ છે. આ હરાજી પ્રક્રીયા માટે ૨૩૭ જેટલા અરજદારોએ રસ દાખવ્યો હતો. જો કે આ પૈકી ૧૦ અરજીઓ ગેરલાયક ઠરી હતી. ફોર વ્હીલરમાં ૯૯૯ નંબર માટે રૂ ૩.૮૦ લાખ ચુકવાયા હતા.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા નવી સીરીઝના પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આર ટી ઓ કચેરી દ્વારા નવી સીરીઝ શરૂ કરવામાં આવે ત્યારે ફોર વ્હીલર તેમજ ટુ વ્હીલરના વાહન માલિકોને પસંદગીન નંબરો મેળવવા માટે તક આપવામાં આવે છે.જેના આધારે હરાજી પ્રક્રિયામાં ભાગ લઈ વાહનમાલિકો પસંદગીના નંબરો મેળવી શકે છે. જે અન્વયે આર ટી ઓ દ્વારા ફોર વ્હીલરની નવી સીરીઝ બી એલ અને ટુ વ્હીલરની નવી સીરીઝ ડી એફ માટે વાહનમાલિકો પાસેથી ઓનલાઈન અરજી મંગાવામાં આવી હતી. જયારે આ ઓનલાઈન પ્રક્રીયાના અંતે કુલ ૨૩૭ જેટલી અરજીઓ આર ટી ઓ તંત્રને મળી હતી. જયારે આ પૈકી ૧૦ અરજીઓ ગેરલાયક ઠરી હતી. જયારે વિવિધ નંબરોની હરાજીના અંતે આર ટી ઓ કચેરીને રૂ ૧૪.૮૦ લાખની આવક થઈ હતી. આ હરાજીની પ્રક્રીયા દરમિયાન ૯૯૯ નંબર માટે રૂ ૩.૮૦ લાખ રૂપિયા ચુકવાયા હતા. જયારે ૪૫ નંબર ૩૩ હજારમાં અને ૧૧૧ નંબર ૩૧ હજારમાં વેચવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ચાર ચોગ્ગા અને ૯ તેમજ ૯૦૯૯ ઉપરાંત ૭૭૭૭ અને ૭ નંબર રૂ ૨૫ હજારમાં વેચાયો હતો. નંબર ૮ ૨૨ હજારમાં જયારે ૨૦૨૦ નંબર ૧૫ હજારમાં વેચાયો હતો. આ ઉપરાંત અન્ય નંબરો પણ હરાજીમાં તગડા દામ આપીને ખરીદાયા હતા. ટુ વ્હીલરના પસંદગીના નંબરો માટે પણ આર ટી ઓ કચેરીને આવક થઈ હતી.જેમાં ૧૪૨ નંબરો પાંચ હજારમાં તેમજ ૭૩ નંબરો એક હજારમાં વેચાયા છે.

# ગાંધીનગર ડેપોને એક વર્ષમાં ૨૪.૧૯ કરોડની આવક

**લગ્નવર્ધિ , ધાર્મિક તેમજ સરકારી કાર્યક્રમોમં પણ વિશેષ એસ ટી બસ સેવાનો ઉપયોગ : એક વર્ષમાં ૧.૧૧ કરોડ કી.મી.નુ સંચાલન કર્યુ**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર એસ ટી ડેપોએ એક વર્ષમાં રૂ ૨૪.૧૯ કરોડની આવક કરી છે. જયારે આ આવક ગત વર્ષ કરતા રૂ ૨.૬૧ કરોડ વધુ છે. આ અન્વયે એસ ટી ડેપો દ્વારા વર્ષ દરમિયાન અંદાજિત ૧૧૬ જેટલી બસો દોડાવામાં આવી હતી. જયારે શહેરી બસ સેવા સહીતની વિવિધ બસ વર્ધીઓમાં કુલ ૧.૧૧ કરોડ કી મી બસો દોડાવામાં આવી હતી. જેના અંતે એસ ટી ડેપોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાનુ સંચાલન કરવામાં આવે છે. આ ઉપરાંત ગાંધીનગર ડેપોમાંથી બહારગામના રૂટની પણ ખાસ બસ સેવા શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર ડેપોને હજુ મોડેલ ડેપો બનાવવાની યોજના અન્વયે કોઈ કામગીરી થઈ નથી. જયારે ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી તેમજ સુવિધાનો મામલો પણ રામભરોસે છે. જો કે એસ ટી નિગમને ડેપોના માધ્યમથી તગડી આવક થઈ રહી છે. આમછતા મુસાફરોને જરૂરી સુવિધા પુરી પાડવામાં એસ ટી તંત્ર હજુ નિરસતા સેવી રહ્યુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. ગાંધીનગર ડેપોએ ગત વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રૂ ૨૨.૦૩ કરોડની આવક કરી હતી. જયારે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ડેપોએ રૂ ૨૪.૧૯ કરોડની આવક કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગરમીના પ્રકોપને પગલે વ્યુહરચનાકારો નવી રણનીતિ તૈયાર કરવા લાગ્યા

**૨૪૦ કલાકમાં મતદારો સુધી પહોંચવા માટે ઉમેદવારોની પણ દોડધામ**

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં વધતી જતી ગરમીને લઈ લોકસભાની ચૂંટણીના વ્યુહકારોને તેમની વ્યુહરચના બદલવાની ફરજ પડી છે.

ગરમીનો પ્રકોપ જે રીતે વધી રહ્યો છે તેના પગલે બપોરે ૧ થી ૫ દરમ્યાન તો પ્રચારકાર્ય બંધ કરવુ પડી રહ્યુ છે. આ સામાન્ય ચૂંટણીને આડે પ્રચાર અભિયાન માટે ૧૨ દિવસ રહ્યા છે એટલે કલાકોની દષ્ટિએ ૨૪૦ કલાકનો સમય માત્ર બચ્યો છે.

જાહેર પ્રચાર માટે સભાઓને બદલે હવે ગૃપ બેઠકો તેમજ પ્રચારના અન્ય માધ્યમો પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આ વખતે પ્રચારમાં રિક્ષાઓ પણ ફરતી થઈ ગઈ છે તેમજ ડોર ટુ ડોર પ્રચાર માટે કાર્યકરોની ટીમો બનાવી અને જવાબદારી સુપ્રત કરવામાં આવી રહી છે.

બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ-કોંગ્રેસે તો વ્યુહરચનાના ભાગરૂપે વીસ-વીસ જેટલી સમિતિઓ બનાવી કાર્યકરોને તેની જવાબદારી સોંપી દીધી છે. મોબાઈલો દ્વારા સંપર્ક કરવા માટે કોલસેન્ટર જેવી સમિતિઓની પણ રચના કરી છે અને ટેલિફોન કરી મતદારોને રિઝવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

આ વખતે પ્રચાર-અભિયાનમાં ટેકનોલોજીનો પણ ભરપુર ઉપયોગ કરાશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત જાહેર પ્રચારમાં નેતાઓની સભાઓ ઓછી થશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ખાટલા પરિસદોની બોલબાલા વધી છે તેમજ મિત્રમંડળની રાજનીતિને અગ્રતા આપવાની વ્યુહરચના વ્યુહકારો દ્વારા તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

# જમીન ફાળવાઈ છતા શહેરમાં હજુ આયકર ભવન બન્યુ નથી

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં ઈન્કમટેક્ષ કચેરીના ભવનનુ નિર્માણ કરવા માટે જમીન ફાળવણીના અંતે પણ હજુ સુધી કાંઈ થયુ નથી. ઈન્કમટેક્ષ કચેરી માટે જગ્યાની ફાળવણી બાદ લાંબા સમયના અંતે પણ ભવનના નિર્માણ માટે કોઈ પગલા લેવાયા નથી શહેર વસાહત મહામંડળ દ્વારા આ મામલે કેન્દ્રના નાણાંમંત્રીને પણ પત્ર લખી રજુઆત કરવામાં આવી છે.

લોકસભાની ચુંટણી નજીકમાં છે. રાજકીય પક્ષો દ્વારા ચુંટણી પ્રચાનુ અભિયાન પણ પુરજોશમાં ચાલી રહ્યુ છે. ચુંટણીમાં રાજકીય પક્ષો પોતાના વચનો તેમજ પ્રજાલક્ષી કામો કરવાની ખાત્રી આપી બહુમત હાંસલ કરવા માટે સતત પ્રજાનો મત મેળવવા માટે પ્રયત્નશીલ હોય છે. ગાંધીનગરમાં પણ નવા સંસદને ચુંટવા માટે મતદારો ઉત્સાહી છે. ત્યારે કેન્દ્ર સરકાર સાથે જોડાયેલા પ્રશ્નોનુ પણ સમયસર નિરાકરણ આવે તેવી લોકલાગણી પ્રબળ બની છે.ગાંધીનગરમાં ઈન્કમટેક્ષની કચેરી હાલ ઉદ્યોગભવનમાં કાર્યરત છે. જયારે ઈન્કમટેક્ષ કચેરીના નિર્માણ માટે નવુ ભવન બાંધવા માટે જગ્યાની ફાળવણી પણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી ઈન્કટેક્ષકચેરીના ભવનના નિર્મણ માટે કોઈ આયોજન થયુ નથી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરણ બુચે આ અંગે અગાઉ ઈન્કમટેક્ષ કમિશ્નરની કચેરીને પણ રજુઆત કરવામાં આવી હતી.



## બેસણું

અમારા ભાઈ **છત્રસિંહ પ્રતાપસિંહ બિહોલા** તા. ૬/૪/૨૦૧૯ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. **તેઓનું બેસણું તા. ૧૧/૪/૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧ સુધી રતનપુર મુકામે** રાખેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. ગરૂડ પુરાણ બેસાડેલ હોઈ કાંણ - મોકાણ બંધ રાખેલ છે.

**સ્થળ : પંચાયત ઘર પાસે, મુ. રતનપુર, તા. જી. ગાંધીનગર**

અર્જુનસિંહ છત્રસિંહ બિહોલા (પુત્ર)
નરેન્દ્રસિંહ છત્રસિંહ બિહોલા (પુત્ર)
રંજનબેન છત્રસિંહ બિહોલા (પુત્રી)
રણછોડસિંહ બળદેવજી બિહોલા (ભાઈ)
મહોબતસિંહ બળદેવજી બિહોલા (ભાઈ)
બાબુસિંહ બળદેવજી બિહોલા (ભાઈ)
રતનસિંહ પ્રતાપસિંહ બિહોલા (ભાઈ)
પૃથ્વીસિંહ પ્રતાપસિંહ બિહોલા (ભાઈ)
સેતાનસિંહ પ્રતાપસિંહ બિહોલા (ભાઈ)
ભૂપતસિંહ પ્રતાપસિંહ બિહોલા (ભાઈ)
રામસિંહ પ્રતાપસિંહ બિહોલા (ભાઈ)
નટુજી કેશાજી બિહોલા (ભાઈ)
પ્રવીણસિંહ કેશાજી બિહોલા (ભાઈ)

# ગાંધીનગરનું સચિવાલય સૂમસામ, મંત્રીઓ પ્રચારમાં, ઓફિસરોને જલસા

ગાંધીનગર

ગુજરાત સરકારનું વહીવટી તંત્ર હાલ રાજ્યના મુખ્યસચિવ પાસે છે, કારણ કે મુખ્યમંત્રી વિજય રૂપાણી હાલ ચૂંટણીના પ્રવાસે છે. તેમની કેબિનેટના તમામ સભ્યોને પણ લોકસભાના મતવિસ્તારોમાં ચૂંટણી પ્રચાર માટે મોકલી દેવામાં આવ્યા છે. રાજ્યની કેબિનેટ ગેરહાજર હોવાથી સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી થઈ ગઈ છે.

ગુજરાતમાં ૨૩મી એપ્રિલે લોકસભાની ચૂંટણી થવાની છે ત્યારે અત્યારે આચાર સંહિતા હોવાથી લોકોના કામો ખોરંભે પડ્યાં છે. અધિકારી કે કર્મચારીની બદલી કે બઢતીની ફાઈલો મૂકી રાખવામાં આવી છે. આવશ્યક હોય તેવી ફાઈલોનો નિકાલ કરવા માટે સરકાર ચૂંટણી પંચની મંજૂરી લેતી હોય છે.

સોમવારે જાહેર જનતા અને મંગળવારે સંસદસભ્યો અને ધારાસભ્યોથી સતત ભરેલું રહેતું સચિવાલય હાલ ખાલી જોવા મળે છે. માત્ર અધિકારીઓ જ સરકારનો વહીવટ કરે છે. આ સ્થિતિ મે મહિના સુધી રહેશે, કારણ કે ગુજરાતની ચૂંટણી પૂરી થયા પછી રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને તેમની કેબિનેટના સભ્યો અલગ અલગ તબક્કાઓમાં યોજનારી વિવિધ રાજ્યોની લોકસભાની ચૂંટણીના પ્રચારમાં જવાના છે.

સચિવાલયના એક અધિકારીએ કહ્યું હતું કે રાજ્યમાં આચાર સંહિતાનો અમલ લોકસભાની ચૂંટણી પૂરી ન થાય અને પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી કરવાનો હોય છે પરંતુ ૨૩મી એપ્રિલે ગુજરાતની ૨૬ બેઠકોની ચૂંટણી પૂરી થઈ ગયા પછી ચૂંટણીની આચાર સંહિતા હળવી કરવામાં આવશે. સરકારમાં વિવિધ વિભાગોની નવી યોજનાઓની ફાઈલો પેન્ડીંગ છે. સિનિયર અધિકારીઓની બદલી કરવાની ફાઈલ પણ મૂકી રાખવામાં આવી છે. નવી નિમણૂકો તેમજ નવી યોજનાઓને અત્યારે હાથ પર લઈ શકાય તેમ નથી, કેમ કે આચાર સંહિતાનું પાલન કરવાનું હોય છે.

સચિવાલયમાં જાણે કે વેકેશનનો માહોલ જોવા મળે છે. જો કે અધિકારીઓ તેમની ચેમ્બરમાં ટીવી ચેનલોમાં લોકસભાના ચૂંટણી પ્રચારનું જીવંત પ્રસારણ જોઈ રહ્યાં છે.

**PUBLIC NOTICE**

Adv. P.V. Agawane

BEFORE THE COURT OF MEMBER, MOTOR ACCIDENT CLAMS TRIBUNAL, THANE/R.N.ROKADE/AT THANE
MACP 269/2018 - Exh.No.13

Mr. Sanjaykumar Shambhunath Yadav .... Applicant
V/s
M/s. Dharmesh Food Process Pvt. Ltd ..... Opponents

To,
M/s. Dharmesh Food Process Pvt. Ltd
232, GIDC, Chitera Bhavnagar GIDC,
Bhavnagar, Chitra, Gujrat - 364004

Whereas the above named applicant has filed Accident Claims Application for the compensation of Rs. 1,00,000/- in the Tribunal against you and others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say within 30 days from the publication of this notice. Failing which the said application will be heard in your absence and determined ex-parte

Given under my hand and seal on this 1st day of April 2019.

By Order
Court Seal
Superintendent
Motor Accident Claims Tribunal Thane.

**PUBLIC NOTICE**

Adv. P.V. Agawane

BEFORE THE COURT OF MEMBER, MOTOR ACCIDENT CLAMS TRIBUNAL, THANE/R.N.ROKADE/AT THANE
MACP 270/2018 - Exh.No.17

Smt. Preeti Jitendrakumar Prajapati .... Applicant
V/s
M/s. Dharmesh Food Process Pvt. Ltd ..... Opponents

To,
M/s. Dharmesh Food Process Pvt. Ltd
232, GIDC, Chitera Bhavnagar GIDC,
Bhavnagar, Chitra, Gujrat - 364004

Whereas the above named applicant has filed Accident Claims Application for the compensation of Rs. 1,00,000/- in the Tribunal against you and others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say within 30 days from the publication of this notice. Failing which the said application will be heard in your absence and determined ex-parte

Given under my hand and seal on this 1st day of April 2019.

By Order
Court Seal
Superintendent
Motor Accident Claims Tribunal Thane.

## જાહેર ખબર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીશ્રીઓ / કર્મચારીઓના ઉપયોગ માટે ગરમીની ઋતુમાં ૮ માળે તથા ૯માં માળે બેસતા અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓના ઉપયોગ માટે એલકૂલર્સ ટ્રોલી વાળા ૨૦૦ અને ૧૦૦ સ્કવેર ફૂટમાં ઠંડક આપે તેવા ૫૦ તથા ૨૦ લીટર પાણીના ટાંકીવાળી તથા પ્લાસ્ટીક બોડી તેમજ ૧ એરકૂલર્સનું પ્રતિમાસનું ૧૮% GST ટેક્ષ સહિતના ભાવ આપવાના રહેશે. એરકુલર્સ ભાડે આપતી અને રસ ધરાવતી અનુભવી સ્થાનિક સંસ્થાઓએ એરકુલર્સના ભાવપત્રકો આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૩માં શ્રી એચ. જી. ભાભોર, સંયુક્ત સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫, ૯મો માળ, સરદાર ભવન, ગાંધીનગરને સીલબંધ કવરમાં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. કવરના મથાળે 'ખાનગી - એરકુલર્સના ભાવપત્રક' એમ અવશ્ય લખવું.

સહી/-
**એચ. જી. ભાભોર**
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

માહિતી/૦૩/૧૯-૨૦


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com